# ભારતીય રેલ્વે પર ૧૦૦% વીજળીકરણની ભારત સરકારની નીતિ



અમદાવાદ, ભારતીય રેલ્વે પર ૧૦૦% વીજળીકરણની ભારત સરકારની નીતિને અનુલક્ષીને, પ્રયાગરાજમાં રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન માટે સેન્ટ્રલ ઇલેક્ટ્રિફિકેશન ઓર્ગેનાઇઝેશન હેઠળના અમદાવાદ એકમના રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન ડિપાર્ટમેન્ટને ફ્રેટ ટ્રાફિક શરૂ કરવા અને ખોલવાનો અનોખો ગૌરવ પ્રાપ્ત છે. 25 KV AC ઇલેક્ટ્રિક ટ્રેક્શનની સાથે હાઈ રાઈઝ OHE સહિત ૭.૫૭ મીટર ની સંપર્ક ઊંચાઈ છે. જે ભારતીય રેલ્વેમાં તેની જાતનો પ્રથમ રેકોર્ડ છે. આ પ્રશંસનીય સિદ્ધિ રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન, અમદાવાદ યુનિટની ગતિશીલ નેતૃત્વ હેઠળ અને રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ અમદાવાદના મુખ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી શ્યામ સુંદર મંગલના માર્ગદર્શન હેઠળ પ્રાપ્ત થઈ છે. રેલ્વે સિક્યુરિટી, પશ્ચિમ સર્કલના શ્રી આર. કે. શર્મા દ્વારા ફરજિયાત અને સઘન સલામતી નિરીક્ષણ પછી, ફ્રેટ ટ્રાફિક માટેનો હાઈ રાઈઝ OHE માર્ગ ખોલવામાં આવ્યો હતો અને નિરીક્ષણ દરમિયાન માનવ અને સિસ્ટમ સલામતી અંગેના તેમના મૂલ્યવાન તકનીકી સૂચનોનું પણ પાલન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, વિશ્વમાં પ્રથમ વખત, પાલનપુર અને બોટાદ વચ્ચે વિદ્યુત ટ્રેક્શન સાથે (DSC) ડબલ સ્ટેક કન્ટેનરના ટ્રેક્શન સફળતાપૂર્વક ચાલુ કરવામાં આવ્યા જેમાં ૨૭૦.૦ માર્ગ કિલોમીટર શામેલ છે.હાઈ રાઈઝ OHE સાથે વિદ્યુતકરણ અને ત્યારબાદ ઇલેક્ટ્રિક ટ્રેક્શન દ્વારા ડબલ સ્ટેક કન્ટેનરનું સ્થળાંતર ભારતીય રેલ્વેમાં એક નવીનતમ ગ્રીન ઇન્ડિયાની પહેલ તરીકે સેવા આપતા ગ્રીન ઇન્ડિયાના મહત્વાકાંક્ષી મિશનને ગતિ આપશે.

રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન વહેલા સમાપ્ત કરવાનો લાભ પર્યાવરણીય અને નાણાકીય દ્રષ્ટિકોણથી ઘણા ગણા વધારે ફાયદાઓ છે.આ ડીઝલ એન્જિન પરની પરાધીનતા ઘટાડીને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડશે અને દર વર્ષે આશરે ૧૦૦ કરોડ રૂપિયાની બચતની અપેક્ષા છે, બળતણની આયાતને કારણે નાણાકીય ભારણ ઘટાડશે. ઇલેક્ટ્રિક ટ્રેક્શન સહિત ડબલ સ્ટેક કન્ટેનરનું પ્રથમ ઓપરેશનલ રન પાલનપુર થી બોટાદ સુધી ૧૦ જૂન, ૨૦૨૦ ના રોજ મહેસાણા, વિરમગામ અને સુરેન્દ્રનગરમાં સફળતાપૂર્વક રજૂ થયું હતું.રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન માટે સેન્ટ્રલ ઓર્ગેનાઇઝેશન ના શ્રી વાય. પી. સિંઘ જનરલ મેનેજરે નવા હાઈ રાઈઝ OHE ના કઠિન પડકારો હોવા છતાં આ ઐતિહાસિક સીમાચિહ્ન રૂપ પ્રશંસા વ્યક્ત કરી છે અને તકનીકી અને બિન-તકનીકી બંને થી સંબંધિત રેલ્વે અધિકારીઓ થી મળીને રેલવે ઇલેક્ટ્રિફિકેશન, અમદાવાદ યુનિટની આખી ટીમને અભિનંદન પાઠવ્યા છે.ઉપરાંત, પ્રયાગરાજ ખાતે મધ્ય રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન સંસ્થાના મુખ્ય વહીવટી અધિકારી; શ્રી આલોક ગુપ્તાએ પણ આ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા પ્રચંડ પ્રયાસો અને પ્રશંસાત્મક કામગીરીની પ્રશંસા કરી છે.

# પશ્ચિમ રેલ્વેની કુલ ૧૨૨૮ ટ્રેનોમાં ૧૮.૪૭ લાખ પ્રવાસી શ્રમિકો પહોંચ્યા તેમના વતન



અમદાવાદ, પશ્ચિમ રેલ્વે દ્વારા ૨ મે ૨૦૨૦ થી ૧૮ જૂન, ૨૦૨૦ સુધીમાં કુલ ૧૨૨૮ શ્રમિક વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી છે, જેના દ્વારા ૧૮.૪૭ લાખ પ્રવાસી મજૂરો અને તેમના પરિવારો તેમનાઇચ્છિત સ્થળોએ પહોંચી ગયા છે. ભારતીયરેલ્વેના શ્રમિક વિશેષ ટ્રેનો ચલાવવાના મહત્વના નિર્ણયથી લાખો સ્થળાંતર કરનારા કામદારો અને તેમના પરિવારોને મોટો ફાયદો થયો છે. તે જ ક્રમમાં, ૧૮ જૂન, ૨૦૨૦ ના રોજ, વધુ ૨ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ગુજરાતથી રવાના થઈ. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી રવિન્દ્ર ભાકર દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, આ ૧૨૨૮ શ્રમિક વિશેષ ટ્રેનોમાંથી, બિહાર પછી ઉત્તર પ્રદેશ માટે મહત્તમ સંખ્યામાં ટ્રેનો દોડાવવામાં આવી હતી. શ્રમિક ટ્રેનોમાં ઓરિસ્સા, મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, રાજસ્થાન, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, ગુજરાત, મણિપુર, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કેરળ, આસામ અને મહારાષ્ટ્ર માટે પણ વિશેષ મજૂર ટ્રેનો ચલાવવામાં આવી હતી. ૨ મે ૨૦૨૦ થી ૧૮ જૂન, ૨૦૨૦ સુધી દેશના વિવિધ રાજ્યો માટે પશ્ચિમ રેલ્વે દ્વારા સંચાલિત મજૂર વિશેષ ટ્રેનો દ્વારા ૧૮.૪૭ લાખ મુસાફરો તેમના વતન પહોંચ્યા છે.

શ્રી ભાકરે કહ્યું કે આ શ્રમિક સ્પેશિયલ ટ્રેનોએ લોકડાઉનને કારણે ફસાયેલા મજૂરો ને ઝડપથી પોતાના વતન જવામાં મદદ કરવામાં નોંધપાત્ર મદદ કરી છે. ૧૮ જૂન, ૨૦૨૦ ના રોજ ગુજરાતમાંથી બે મજૂર વિશેષ ટ્રેનો એક સુરત થી ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ માટે રવાના થઈ અને બીજી ટ્રેન સાબરમતી થી હાવડા જવા રવાના થઈ. આ ૧૨૨૮ ટ્રેનોમાં મુંબઈ ડિવિઝનમાં સૌથી વધુ ૭૧૫ ટ્રેનો છે, અમદાવાદ ડિવિઝન ૨૬૦, વડોદરા ડિવિઝન ૧૦૦, ભાવનગર ડિવિઝન ૩૦, રાજકોટ ડિવિઝન ૧૧૭ અને રતલામ ડિવિઝન થી ૬ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી છે. આ વિશેષ ટ્રેનો સામાજીક પ્રોટોકોલના તમામ ધારાધોરણોને ધ્યાનમાં રાખીને ચલાવવામાં આવી રહી છે. ટ્રેનમાં ચઢતા પહેલા મુસાફરોની યોગ્ય થર્મલ સ્ક્રિનિંગની પણ કરવામાં આવી રહયું છે. મુસાફરી દરમિયાન મુસાફરોને નિશુલ્ક ખોરાક અને પેકેજડ પીવાનું પાણી પણ આપવામાં આવી રહ્યું છે.

## મૈત્રી એન્ટરપ્રાઈઝસ લિમિટેડ

(અગાઉ પાર્થ એલ્યુમિનયમ લિમિટેડ તરીકે જાણીતી)
(CIN: L45208GJ1991PLC016853)
**રજીસ્ટ્રર ઓફીસ:** ગાયત્રી હાઉસ અશોકવિહાર, મૈત્રીએવન્યુ સોસાયટી, ગર્વમેન્ટ એન્જી.કોલેજ ની સામે સાબરમતી,મોટેરા,અમદાવાદ ૩૮૦૦૦૫
ઈ-મેઈલ: compliance@maitrienterprises.com
વેબસાઈટ : www.maitrienterprises.com

### નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબલીગેશનસ એન્ડ ડિસ્કલોઝર રીકવ્યારમેન્ટસ) રેગ્યુલેશન, ૪૭ વાંચતા તેની હેઠળ ૩૧મી માર્ચ ૨૦૨૦ ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અને વર્ષાંતે ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ધ્યાન પર લેવા અને મંજૂરી આપવા કંપની ની રજીસ્ટર્ડ ઓફિસ કે જે ગાયત્રી હાઉસ, અશોક વિહાર, મૈત્રી એવેન્યુ સોસાયટીની પાસે, ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજની સામે, સાબરમતી, મોટેરા, અમદાવાદ - ૩૮૦૦૦૫ ખાતે આવેલ છે ત્યાં ૨૯મી જૂન, ૨૦૨૦ સોમવારે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની (૦૧/૨૦૨૦- ૨૦૨૧) મીટીંગ મળનાર છે.
આ નોટીસ કંપનીની વેબસાઈટ www.maitrienterprises.com અને સ્ટોક એક્સચેંજની વેબસાઈટ www.bseindia.com ઉપર પણ ઉપલબ્ધ છે.

બોર્ડના હુકમ
મૈત્રી એન્ટરપ્રાઈઝસ લિમિટેડ
જયકિશન અંબવાણી
મેનેજીંગ ડાયરેક્ટર
ડીન: ૦૩૫૯૨૬૮૦

સ્થળ : અમદાવાદ
તારીખ: ૨૦.૦૬.૨૦૨૦

# પાટણમાંથી રૂ ૨૩.૬૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પાટણ, પાટણ શહેરના બોકરવાડા વિસ્તારના બુટલેગરની ભંગારની વખારમાં શુક્રવારે વહેલી સવારે મિનીટ્રકમાંથી વિદેશીદારૂનો જથ્થો ઉતરાતો હતો ત્યારે ત્રાટકેલી એલસીબી અને સ્થાનિક પોલીસે રૂ.૨૩.૬૩ લાખના દારૂના જથ્થા સાથે ચાર શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે દારૂનો જથ્થો, આઈસર ટ્રક અને ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.૩૩.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. પાટણ શહેર અને જિલ્લામાં દારૂ-જુગારની બદીને નાબૂદ કરવા ભુજ રેન્જ આઈ.જી.પી સુભાષ ત્રિવેદી અને જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાની સૂચનાને લઈ પાટણ એલસીબી પોલીસ અને પાટણ એ ડિવિઝન પોલીસની સંયુક્ત ટીમે શુક્રવારે વહેલી સવારે બાતમીના આધારે પાટણ શહેરના બોકરવાડા વિસ્તારમાં રહેતા બુટલેગર ફારૂકી કયુમુદદીન શફરૂદીનના ત્યાં ઓચિંતી રેડ કરી હતી. જેમાં બુટલેગર કયુમુદીન તથા અન્ય ત્રણ શખ્સો આઈસર ગાડીમાં લવાયેલો લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ભંગારની વખારમાં ઉતારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

પોલીસે ઘટનાસ્થળ ઉપરથી ૫૨૫ પેટી વિદેશી દારૂ (કિંમત રૂ.૨૩.૬૩ લાખ), આઈસર ગાડી, ત્રણ મોબાઈલ વગેરે મળીને કુલ રૂ.૩૩.૬૬ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો તેમજ બુટલેગર કયુમુદીન તથા અન્ય ત્રણ શખ્સોને આબાદ ઝડપી લઈ પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાટણ શહેરના નામચીન બુટલેગર સહિત ચાર શખ્સોને લાખો રૂપિયાનાં વિદેશી દારૂના જથ્થા સાથે પોલીસે ઝડપી લેતાં શહેરના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જિલ્લા પોલીસ વડાએ પોલીસતંત્રની કામગીરીને સરાહનિય લેખાવી હતી.

# શહેરી વિસ્તારોમાં જ કોરોનાનો સૌથી વધુ ખતરો

ગાંધીનગર, ગુજરાત અનલોક કરાયા બાદ જે રીતે શહેરી વિસ્તારોમાં કોરોનાના કેસમાં ભયંકર વધારો લગાતાર થઈ રહ્યો છે તે હવે ચિંતાનો વિષય બની રહ્યો છે. ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ - ગાંધીનગરના ડિરેક્ટર અને સરકારની તજજ્ઞ તબીબોની ટાસ્ક ફોર્સના પણ સભ્ય એવા ડો. દિલીપ માવલંકરે તેમના રિસર્ચના આધારે કહ્યું છે કે લોકડાઉન દરમિયાન શ્રમિકોની વતન વાપસી થઈ રહી હતી ત્યારે એમ લાગતું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં કેસ વધારે બહાર આવશે પણ તેમ થયું નથી. ઉલટાનું શહેરી વિસ્તારોમાં જ કેસ સતત વધી રહ્યા છે. જો ઘરમાં જ કોઈને કોરોના થયો હોય અને તેના કારણે બીજાને ચેપ લાગે તો રીસ્ક ઓછુ કહેવાય પરંતુ જો બહારથી લાગે એટલે કે દુકાન, ઓફિસ કે બેન્ક વિગેરેથી લાગે તો તે વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે તેમ કહી શકાય. ગુજરાતમાં ૨૬ હજાર જેટલા કોરોના પોઝિટિવના કેસ થયા છે તેમાંથી ૨૩ હજાર જેટલા કેસ મુખ્ય પાંચ શહેરોમાંથી છે. શહેરી વિસ્તારમાં કોરોના વધવાનો આ જે ટ્રેન્ડ પકડાયો છે તે તજજ્ઞ તબીબો માટે ચિંતાજનક છે. ડો. માવલંકર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન-ગુરુગ્રામના ડો. આશિષ અવસ્થી દ્વારા દેશના સૌથી વધુ કોરોનાના કેસ ધરાવતા ટોપ ટ્વેન્ટી જિલ્લાઓનો અભ્યાસ કરીને રિસર્ચ હાથ ધરાયું છે. જેમાં એવું તારણ નિકળ્યું છે કે જ્યાં ગીચ શહેરી વિસ્તાર અને વસતી હોય તે કોરોનાના કેસ જોડે વધુ સંકળાયેલા છે. ગુજરાતના અમદાવાદ, મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, થાણે, પૂણે, જયપુર વિગેરે એવા શહેરો છે જેમાં કોરોનાના કેસની સંખ્યા દર્શાવે છે કે કોરોના મર્યાદિત સંખ્યાના શહેરો કે એવા જિલ્લામાં વધી રહ્યો છે જ્યાં મહત્તમ લોકો વધુ સંખ્યામાં વસી રહ્યા છે.

કોરોનાના કેસને લઈને ૨૭ મે થી ૧૬ જુન સુધીના સમયગાળા દરમિયાન જે રિસર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. તેના તારણમાં જણાયું છે કે દેશના ૭૩૯ જિલ્લામાંથી ૬૫.૩ ટકા કેસ અને ૭૭.૨ ટકા મૃત્યુ આ શહેરી વિસ્તારો ધરાવતા ૨૦ જિલ્લામાં જ થયા છે. અગાઉના અભ્યાસ મુજબ પાંચ જ જિલ્લામાં ૫૩.૨ ટકા મૃત્યુ હતા તે વધીને ૫૮.૪ ટકા થવા પામ્યા છે. રસપ્રદ વાત એ છે કે સૌથી વધુ શ્રમિક ટ્રેન જે પાંચ રાજયમાં ગઈ હતી તેવી ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને છત્તીસગઢના કોઈ જિલ્લાનો આ સૌથી વધુ કેસવાળા ૨૦ જિલ્લાઓમાં સમાવેશ થતો નથી. અમદાવાદમાં ૨૭ મે એ દેશમાં એક મિલિયન દીઠ સૌથી વધુ મૃત્યુ હોવાનું પણ બહાર આવ્યું છે. ડો. દિલીપ માવલંકરે તેમના સૂચનો અને નિરીક્ષણ કરતા કહ્યું હતું કે, કોરોના વાઈરસ ઝડપથી ફેલાય છે અને જે લોકો તેના સંપર્કમાં આવ્યા નથી તેવા લોકો મળતા રહેશે તેમ તે ફેલાતો રહેશે. કોરોનાનું ઈન્ફેક્શન લાગતું હોય તેવા ૮૫ ટકા લોકોને કોઈ લક્ષણ જણાતા નથી. તેમણે કહ્યું હતું કે એક ગણતરી એવી હતી કે હર્ડ ઈમ્યુનિટી પણ કામ કરશે જે હાલ લાગી રહ્યું નથી પરંતુ તે સેકન્ડ વેવમાં આવી શકે છે. વેકસીન કે ઈમ્યુનિટી ડેવલપ ના થાય ત્યાં સુધી લોકોએ મહત્તમ ધ્યાન રાખવું જ પડશે. કોરોનાના કેસ અને દર્દીઓનું વધુ સચોટ વિશ્લેષણ થઈ શકે તે માટે તેમણે એવું સૂચન કર્યું હતું કે, જે કેસ નોંધાય છે તેમાં શહેર અને તાલુકા દીઠ કેસના અલગ આંકડા આપવામાં આવે તો વધુ સારી રીતે તેનો ફેલાવો ક્યાં અને કયા વિસ્તારોમાં થઈ રહ્યો છે તેની જાણકારી મળી શકે. લોકોને પણ કયા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ તેની માહિતી મળી શકે. કોરોનાના રોજેરોજ કેસ નોંધાય છે તેનું મેપીંગ પણ થવું જોઈએ.

## ફોર્મ નંબર યુઆરસી - ૨

**ચેપ્ટર XXIના પાર્ટ -૧ હેઠળ નોંધણી અંગેનું જાહેર નામું**

(કંપનીના અધિનિયમ ૨૦૧૩ની કલમ ૩૭૪(બી)કંપનીના (ઓથોરાઈઝ્ડ ટૂ રજીસ્ટર) રૂલ્સ ૨૦૧૪ના નિયમ -૪ (૧) મુજબ )

૧. કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની ૩૬૬ ની પેટા કલમ (૨) ને અનુસરીને અહીં સુચના આપવામાં આવે છે કે, અહીંથી પંદર દિવસ પણ ત્રીસ દિવસની મુદત પુરી થાય તે પહેલા એક અરજીની દરખાસ્ત રજીસ્ટ્રાર ઓફ ગુજરાતને કરવામાં આવશે કે મેસર્સ ચીમ્પાન્ઝી લાઈફસ્ટાઈલ, ભાગીદારી પેઢી છે તે કંપની અધિનિયમન ૨૦૧૩ના અધ્યાય ૨૧ના પાર્ટ ૧ના હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવી શકે છે.

૨. **કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:**
તમામ પ્રકારના રેડીમેડ ગારમેન્ટ, કવર, કોટેડ ફેબ્રીકસ ટેક્ષટાઈલ, હોઝીયરી તથા સીલ્ક તથા અન્ય કાપડ રીલેટેડ પ્રોડકસ જેવી કે કોટન, જયુટ, નાયલોન,સીલ્ક, વુલ, પોલીસ્ટર, એક્રેલીક જેવા તમામ પ્રકારના ફાઈબર, કુદરતી હોય કે કૃત્રિમ અને યાંત્રિક દ્વારા અથવા અન્ય માધ્યમો અને તેની સાથે સંકળાયેલ પ્રકૃતિના આવા અન્ય ઉત્પાદનોનુંવેચાણ, ખરીદી, આયાત, નિકાસ, ઉત્પાદન, ટ્રેડીંગ તથા એજન્ટ, સ્ટોકિસ્ટ, ડિસ્ટ્રિબ્યુટર તથા સપ્લાયર તરીકે વ્યવસાયો ચાલુ રાખવા માટે.

૩. સુચિત કંપની ની ડ્રાફટ મેમોરન્ડમ અને આર્ટીકલ્સ ઓફ એસોસિએશન ના લેખોની નકલ ૧૧ અક્ષર કુંજ સોસાયટી ,ગોપી વીવીનગર રોડ,પ્રમુખ સ્વામી માર્ગ, આણંદ -૩૮૮૦૦૧,ગુજરાત ખાતેની ઓફીસેથી મળશે.

૪. આહીં એવી સુચના આપવામાં આવી છે કે આ અરજી સામે વાંધો હોય તો તે આ સુચના પ્રકાશીત થયાના તારીખથી એકવીસ દિવસની અંદર સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી) ઇંડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્પોરેટ એફેયર્સ (આઈઆઈસીએ), પ્લોટ નં. ૬,૭,૮, સેક્ટર ૫, ના રજીસ્ટ્રાર આઈએમટી,માનસેર જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પીન કોડ -૧૨૨૦૫૦,ને લેખીતમાં પોતાનો વાંધો રજુ કરી શકે છે અને તેની નકલ મુદો નંબર ૩માં ઉલ્લેખ કરેલ સરનામા પર કંપની રજીસ્ટર ઓફીસ ખાતે મોકલવી.

**૨૦૨૦ના જુન તારીખ ૧૯ના દિવસે**

**અરજદારોના નામો(ઓ)**
૧. ચૈતાલી હેમંતકુમાર પટેલ
૨. ચિંતન હરેશકુમાર પટેલ

# કપડવંજમાં બે દુકાન, ગોડાઉનમાંથી ૧૦૦૦ કટ્ટાં અખાદ્ય ગોળનો જથ્થો પકડાયો

કપડવંજ, કપડવંજ શહેરની બે દુકાનો અને તેના ગોડાઉન માંથી અખાદ્ય ગોળનો જથ્થો મામલતદારની ટીમે ઝડપી પાડયો હતો. આ ટીમે એક હજાર અખાદ્ય ગોળનો જથ્થો પકડીને ગોડાઉનને સીલ કરવામાં આવ્યા હતા. કપડવંજ શહેરના મહેશ્વરી ટ્રેડર્સ અને ચામુંડા ટ્રેડર્સ દ્વારા અખાદ્ય ગોળ વેચવામાં આવે છે. તેવી અરજી કપડવંજ મામલતદાર કે.એમ. પરમારને મળી હતી આ અરજીના આધારે મામલતદાર કે એમ પરમાર ની સૂચનાથી તેમની ટીમ દ્વારા મહેશ્વર ટ્રેડર્સ દુકાન તથા ગોડાઉન (કપડવંજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ગોડાઉન ભાડે રાખેલ) માંથી ૪૯૦ કટ્ટા તેમજ ચામુંડા ટ્રેડર્સની દુકાનમાંથી ૨૨૩ કટ્ટા, અને ના ગોડાઉનમાંથી ૧૫૦ કટ્ટા મળીને કુલ ૧૦૨૩ અખાદ્યગોળના કટ્ટા નો જથ્થો ઝડપી પાડી સીલ કરાયો હતો. કપડવંજ મામલતદાર દ્વારા જણાવાયું હતું કે આ અંગે ગોળના નમુના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી છે. અને તેમના દ્વારા રિપોર્ટ રજૂ કરાશે. ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. કપડવંજ શહેરના મહેશ્વરી ટ્રેડર્સ અને ચામુંડા ટ્રેડર્સ દ્વારા અખાદ્ય ગોળ વેચવામાં આવે છે.

# ધોરણ-૯માં એડમિશન લેવા માટે રાતથી સ્કૂલ બહાર લાઈન લાગે છે

દહેગામ, બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચો થાય છે, પરંતુ ઓછા ખર્ચે સારું શિક્ષણ મેળવવા માગતા વાલી-વિદ્યાર્થીઓએ હંમેશા એડમિશન મેળવવા ઝઝૂમવું પડે છે. દહેગામ તાલુકાના રખીયાલ અને આસપાસના પચીસેક ગામ વચ્ચે માત્ર એક જ ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળા આવેલી છે. જેના કારણે આ સ્કૂલમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓ-વાલીઓ રાતથી જ દરવાજા બહાર લાઈન લગાવીને બેસી જાય છે. આસપાસના ૨૫-૩૦ ગામ માટે રખીયાલનું ટાઉન જેવું મહત્ત્વ છે. આ ગામ અને આસાપસના છ કિમી વિસ્તારમાં માત્ર એક જ ગ્રાન્ટ-ઈન-એઈડ શાળા આવેલી છે, પરંતુ સરકારી માધ્યમિક શાળાનો અભાવ છે. જેના કારણે આસપાસના ગામના ગામના વિદ્યાર્થીઓ પ્રકાશ માધ્યમિક સ્કૂલમાં એડમિશન લેવા ઝંખતા હોય છે. પ્રકાશ સ્કૂલમાં એડમિશન ના મળે તો આઠ કિમી દૂર પાટના કૂવા અને છ કિમી દૂર ધારીસણામાં હાઈસ્કૂલ આવેલી છે. આ સિવાય ૧૨ કિમી દૂર દહેગામ અને ૧૭ કિમી દૂર તલોદમાં હાઈસ્કૂલના વિકલ્પો છે. આસપાસના ગામમાં અવર-જવર માટે મુખ્ય રસ્તા પર જ આ સ્કૂલ છે અને તેનું શિક્ષણ સારું ગણાય છે. જેના કારણે વાલીઓ અહીંયા એડમિશન લેવા પડાપડી કરે છે. વાલીઓના મતે આખું વર્ષ સ્કૂલમાં અપડાઉન માટે બાળકોએ હાલાકી વેઠવી પડે તેના બદલે એકાદ રાતનો ઉજાગરો વધુ યોગ્ય છે. નજીકમા મોટા મુવાડા ગામે માધ્યમિક શાળા છે, પરંતુ તેમાં ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગો નથી. પ્રકાશ સ્કૂલમાં ધોરણ-૯ના પંચ વર્ગ છે અને દરેક વર્ગમાં ૬૦ વિદ્યાર્થીની મર્યાદા લેખે ૩૫૦ વિદ્યાર્થીને પ્રવેશ મળી શકે છે.

# મહેસાણા જિલ્લામાં તમાકુનું વેચાણ કરતા ૨૨ દુકાનદારો દંડાયા



મહેસાણા, રાષ્ટ્રીય તમાકું નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં તમાકું નિયંત્રણ અધિનિયમના કડક અમલ માટે જિલ્લા તમાકું નિયંત્રણ સેલ દ્વારા ખાસ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં તમાકું વિરોધી લોકજાગૃતિની કામગીરી કરવા ઉપરાંત અધિનિયમનો ભંગ કરતા ૨૨ દુકાનદારોને દંડ કરાયો હતો. મહેસાણા જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના જિલ્લા તમાકું કન્ટ્રોલ સેલનાં સોશિયલ વર્કર ડીટીસીસી ભારતી લેઉઆ, કાઉન્સેલર ધવલ ઉપેરિયા, પોલીસ પ્રતિનિધિ HC ચિરાગભાઈ, અર્બન હેલ્થ સેન્ટરના પ્રકાશભાઈ સહિતની ટીમે માનવઆશ્રમ સર્કલ વિસ્તારમાં ૧૮ દુકાનો પર ઓચિંતી તપાસ કરતાં ૧૩ દુકાનોમાં જરૂરી બોર્ડ ન લગાવેલું હોઈ રૂ.૨૬૦૦નો દંડ વસૂલ કરાયો હતો.

જયારે મહેસાણા નાગલપુર કોલેજ આસપાસ ડીટીસીસીના સ્ટાફે અર્બન હેલ્થ સેન્ટરના એઆઈ મહેશભાઈની ટીમ તેમજ પોલીસ પ્રતિનિધિ HC બાબુભાઈ, કોન્સ્ટેબલ હિરેનકુમારને સાથે રાખી તપાસ હાથ ધરતાં ૯ દુકાનોમાં તમાકુંના વેચાણ બદલ રૂ.૧૧૦૦નો દંડ વસૂલ કરાયો હતો, તેમજ તમાકુનું વેચાણ બંધ કરવા કડક સૂચના આપી હતી. જયારે ઊંઝા શહેરમાં ઉમિયા માતા મંદિર આસપાસ તેમજ ગંજબજાર આગળની ૧૬ દુકાનોની તપાસમાં જોગવાઈ મુજબનાં બોર્ડ લગાવેલાં જોવા મળ્યાં હતાં. તમાકું વિરોધી લોકજાગૃતિની કામગીરી કરવા ઉપરાંત અધિનિયમનો ભંગ કરતા ૨૨ દુકાનદારોને દંડ કરાયો હતો. તમાકું નિયંત્રણ અધિનિયમના કડક અમલ માટે જિલ્લા તમાકું નિયંત્રણ સેલ દ્વારા ખાસ અભિયાન હાથ ધરાયું હતું.

# ડીજીટલ ઓફસેટ પ્રિન્ટીંગ પ્રેસના માલિકોએ એચપી કંપની પાસે પાર્ટ્સ અને સર્વિસચાર્જની માફીની માંગણી

અમદાવાદ, કોરોનાની મહામારીના કારણે ડિજિટલ પ્રિન્ટિંગ ઉદ્યોગને ખૂબ મોટું નુકસાન થવા પામ્યું છે એચપી ડિજિટલ પ્રિન્ટિંગ મશીન પર પ્રિન્ટના ચાર્જ ઉપરાંત પાર્ટ્સ અને સર્વિસ ચાર્જ કંપની દ્વારા દર મહિને અલગથી લેવામાં આવે છે આ મુશ્કેલ પરિસ્થિતિમાં પાર્ટ્સ અને સર્વિસ ચાર્જની માફીની માંગણી સાથે એચપી ઈન્ડિગો ડિજિટલ ઓફસેટ મશીનો તારીખ ૧૮ જુનના રોજ ઓલ ઈન્ડિયા ડિજિટલ ઓફ એસોસિએશનના સમર્થનમાં બંધ રાખવામાં આવ્યા હતા.

કોરોનાને કારણે દરેક ઉદ્યોગ-ધંધા ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહેલ છે તેની સાથે ડિજિટલ પ્રિન્ટિંગ ઉદ્યોગ પણ આર્થિક મુશ્કેલી અનુભવી રહેલ છે એચપી કંપનીના ઈન્ડિગો ડિજિટલ મશીન દ્વારા ફોટોબુક, ફેશન કેટલોગ, બ્રોશર વગેરે ડિજિટલ પ્રિન્ટિંગનું કામ કરવામાં આવે છે. કોરોનાને કારણે લગ્નની સિઝન બગડી ગઈ હોવાથી ફોટો બુકનું કામ ખૂબ જ ઘટવાની શક્યતા રહેલ છે તેમજ ફેશન કેટલોગનું કામ પણ નહિવત થવાની શક્યતાને કારણે આ બિઝનેશ ખૂબ જ આર્થિસ મુસ્કેલીનો સામનો કરી રહેલ છે. (૧૯-૧)

## Nandini Texcom (India) Limited

B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002
Phone : 0261-4004596, Email : nandinitexcom@hotmail.com
CIN : L65910GJ1994PLC021165 www.nandinitex.com

### Notice

Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. NTIL/BM/Q1/20-21/1) is scheduled to be held on Saturday, the 27th Day of June, 2020 at 03.00 P.M. at registered office of the Company B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002, Gujarat.
To consider and inter alia to approve and adopt the quarterly and yearly Audited Financial Results of the Company for the Financial Year ended on 31.03.2020 and any other matter with the permission of chair.

For, on the behalf of the board
Sd/-
ASHOKKUMAR R. TEKRIWAL
(Managing Director)

Place : Surat
Date: 20-06-2020

## જાહેર નોટીસ

ICICI Bank
**બ્રાન્ચ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી. ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૪.

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ આઈસીઆઈસીઆઈ બેંક મારફતે નોટીસ બજાવવામાં આવી છે (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધ માં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે તેઓ જે લોન મેળવી છે તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્અફળ ગયા છે તેથી સલામત લેણદારો દ્વારા તેમના ખાતાને નોનપર્ફોમન્સ એસેટ (એનપીએ) તરીકે ગણવામાં આવી છે તેમના નોંધાયેલ સરનામા પર નોટીસ મોકલવામાં આવી હતી તે બજાવ્યા વગર પરત આવતા આ રીતે નોટીસ આપીને તેમને જાણ કરવામાં આવે છેમુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

| ક્રમ નં. | કરજદાર/સહ-કરજદાર/જામીનદાર/નું નામ (લોન એકાઉન્ટ નંબર) અને સરનામું | જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કત | નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ (રૂા.) | એનપીએની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ ચિમનલાલ વ્યાસ/ બ્રીજેશભાઈ ચીમનલાલ વ્યાસ/ બાલાજી કૃપા, બજરંગ વાડી, એસ. નં.૧૪. જામનગર રોડ, રાજકોટ, રાજકોટ- ૩૬૦૦૦૬/ QZRAJ00005021832 | કોપર સિટી, વિન્ગ એફ, ફ્લેટ નં. ૧૦૨, ૧લો માળ, વાંકાનેર કો-ઓપ હાઉસ, સોસા.પાસે, આરએસ નં.૪૯૭ પી૧, જામનગર રોડ, રાજકોટ, ગુજરાત, રાજકોટ- ૩૬૦૦૦૬ | ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ રૂા. ૨૫૨૬૨૪/- | ૩૦ નવેમ્બર, ૨૦૧૯ |
| ૨. | ગીદારામ દીપારામ ચૌધરી//પ્રેમદેવ ગિદારામ ચૌધરી/૧૬૭, ભાવના પાર્ક સેક્ટર-૧, સાઈ સાગર સોસાયટી પાસે, કેશવ પાર્ક સોસાયટી પાસે, સુરત- ૩૯૫૦૧૦/ QZSUR00005036399 | પ્લોટ નં. ૧૪૭, શિવ સાગર રેસીડેન્શી, બ્લોક નં. ૧૦૫, કડોદરાભરોઈજ રોડ, સર્વોત્તમ હોટેલ પાસેબાગુમારા, પલસામા નહેર, મૌજે - દાસ્તાન, સુરત- ૩૯૫૦૧૦. | ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ રૂા. ૧,૧૧૬,૯૦૧//- | ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ |

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે ) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨મુજબ ૬૦ દિવસની મુદત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૦-૦૬-૨૦૨૦
સ્થળ : ગુજરાત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ.